# બ્રહ્મર્ષી કો.ઓ. ક્રેડીટ સોસાયટીની ચૂંટણીમાં બ્રહ્મ સમાજની પેનલનો વિજય

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં બ્રહ્મ સમાજ દ્વારા સંચાલિત ધી બ્રહ્મર્ષી કો.ઓ. ક્રેડીટ સોસાયટીની ચૂંટણી એક તરફી બની જતાં પૂર્વ ચેરમેન દ્વારા ચૂંટણી અટકાવવા માટે બોર્ડ ઓફ નોમીનીમાં દાવો કરાયો હતો જે દાવો બોર્ડ ઓફ નોમીના દ્વારા રદ કરવામાં આવ્યો હતો. તા. ૧૯મી સપ્ટેમ્બર શુક્રવારના રોજ બોર્ડ ઓફ નોમીનીઝ મહેસાણાની કોર્ટ ધી બ્રહ્મર્ષી કો.ઓ.ક્રેડીટ સો.ના ચૂંટણી અધિકારી તરીકે અનંત ઉપાધ્યાયને નીમીને તા. ૨૧મી સપ્ટેમ્બર રવિવારે ચૂંટણી પ્રક્રિયા પૂરી કરી મંડળીનો વહીવટ લોકશાહી ઢબે કરવા આદેશ કર્યો હતો. જેના અનુસંધાનમાં રવિવારે મોડાસા પ્રાથમિક શાળા નં.૧માં ચૂંટણી યોજાયેલ હતું.જેમાં ઉમેદવારોએ ખુબ જ મહેનત કરી મતદારોને રીઝવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં એક તરફી બ્રહ્મ સમાજ પેનલનો વિજય થયો હતો. બ્રહ્મ સમાજ પેનલના મનોજ ઉપાધ્યાય, રાજુભાઈ ઉપાધ્યાય, દિનેશભાઈ ભટ્ટ, ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, દશરથ ઉપાધ્યાય ૩ વર્ષ માટે ચૂંટાઈ આવ્યા હતા જયારે પ્રદિપ ઉપાધ્યાય (સાદા), જનક જોષી, વિજય પંડયા (એડવોકેટ), પ્રો. એન.વી. ઉપાધ્યાય, નરહરિ જોષી ૨ વર્ષ માટે ચુંટાઈ આવ્યા હતા આમ બ્રહ્મસમાજની ૧૦ઉમેદવારોની પેનલનો વિજય થયેલ છે. જયારે પૂર્વ ચેરમેન પ્રદિપ ઉપાધ્યાય (એડવોકેટ)નો પરાજય થયેલ હતો. ચૂંટણી ખૂબ જ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી.





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## સ્કુલવાન હાઈવે ઓવરબ્રીજની સાઈડની દિવાલ પર ચઢી ગઈ

પ્રાંતિજ ખાતે એક સ્કુલવાન હાઈવે પરના ઓવરબ્રીજની દિવાલ પર ચઢી ગઈ હતી. આ સ્કુલવાનમાં પાંચ બાળકો હતા અને પ્રાંતિજથી સલાલ તરફ જઈ રહી હતી ત્યારે ડ્રાઈવરે અચાનક સ્ટીઅરીંગ વ્હીલ પર કાબુ ગુમાવતા આ ઘટના બની હતી. સદભાગ્યે આ અકસ્માતમાં તમામ બાળકોનો આબાદ બચાવ થયો હતો. સ્કુલવાનનો આગળનો ભાગ બેસી ગયો હતો અને આગળનો કાચ તુટી ગયો હતો. આ અકસ્માત થતાં તુરંત જ આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને બાળકોને વાનની બહાર કાઢયા હતા.

# પાલનપુરના મહેમાન બન્યા કેન્દ્રિય મંત્રી ઉમાભારતી

## માતૃ તર્પણ માટે પાલનપુરથી મોટર માર્ગે પહોંચ્યા સિદ્ધપુર

પાલનપુર, તા. ૨૧

કેન્દ્રિય જળ સંશાધન મંત્રી સાધ્વી ઉમાભારતી આજે રાજધાની એક્સપ્રેસમાં સવારે ૭.૧૦ વાગે પાલનપુર આવી પહોંચ્યા હતા. જ્યાં પ્રશાસન તથા ભાજપના માતૃ તર્પણ માટે આવ્યા હોવાના અહેવાલ સાંપડ્યા હતા.

કેન્દ્રની મોદી સરકારમાં વોટર રીસોર્ટ એન્ડ રીવર ડેવલપોપમેન્ટ તથા ગંગા શુદ્ધિકરણ મંત્રાલય સંભાળતા કેન્દ્રીય મંત્રી સાધ્વી મોટરમાર્ગે રવાના થયા હતા. જોકે સાધ્વી ઉમાભારતીએ સિદ્ધપુર ખાતે ખાનગી કાર્યક્રમમાં હાજરી આપવા જતા હોવાનું જણાવી મીડીયા સાથે વાતચીત કરવાનું ટાળ્યું હતું. પરંતુ વિશ્વસનીય સુત્રોના જણાવ્યા મુજબ



પદાધિકારીઓ દ્વારા તેઓનું ઉષ્માભર્યુ સ્વાગત કરાયું હતું. પાલનપુર ખાતે ટુંકા રોકાણ બાદ તેઓ મોટરમાર્ગે સિદ્ધપુર જવા રવાના થયા હતા. જ્યાં તેઓ એક કાર્યક્રમમાં હાજરી આપવા ઉપરાંત ઉમાભારતી આજે સવારે રાજધાની એક્સપ્રેસ મારફતે પાલનપુર રેલવે સ્ટેશને આવી પહોંચ્યા હતા. જ્યાંથી તેઓ પાલનપુર સર્કિટ હાઉસ પહોંચ્યા હતા. જ્યાં અલ્પ રોકાણ બાદ તેઓ સિદ્ધપુર તેઓ આર.એસ.એસ.ના એક કાર્યક્રમમાં હાજરી આપવા ઉપરાંત માતૃતર્પણ વિધિ માટે સિદ્ધપુર આવ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે. જો કે, સાધ્વીજીની આગમનને લઈને રેલવે સ્ટેશન પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પ્રશાસન હરકતમાં આવી ગયું હતું.

કેન્દ્રીય મંત્રીના આગમન ટાણે પાલનપુર સહેર પૂર્વ-પશ્ચિમ પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી. સહીતનો પોલીસ કાફલો તથા આર.પી.એફ. અને રેલવે પોલીસે સુરક્ષાનો હવાલો સંભાળ્યો હતો.

## શબ્દાવલી - ૫૫૧૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | |
| ૬ | | | ■ | ૭ | ૮ | | ■ |
| ૯ | | ■ | ૧૦ | | | | ૧૧ |
| | ■ | ૧૨ | | ■ | | ■ | |
| ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | |
| ■ | ૧૬ | | ૧૭ | ■ | ■ | ૧૮ | |
| ■ | ૧૯ | | | ■ | ૨૦ | | ■ |
| ■ | ૨૧ | | ■ | ૨૨ | | | |

### આડી ચાવી

૧. સાવધાન, હોંશિયાર (૫)
૫. શાળાઓમાં... પડે એટલે બાળકોને મજા (૨)
૬. મિલ્કત, ધન (૩)
૭. જંગલ, ધન (૩)
૮. ભય, બીક (૨)
૧૦. સસરાના કુટુંબના માણસો(૫)
૧૨. ઓળખાણ, લાગવગ (૨)
૧૩. જીભ, જીહ્વા (હિન્દીમાં)(૩)
૧૫. ... વાગ્યોને લશ્કર ઉપડ્યું, બેલ (૨)
૧૬. લાંબી ડોકવાળુ ચોપગુ પ્રાણી (૩)
૧૮. ગાયન, ગીત (૨)
૧૯. એક ખાસ પ્રકારનું કાપડ(૨)
૨૦. કયાસ (૨)
૨૧. ક્રિકેટમાં આઉટ થયા વિના બોલને બેટથી ફટકો મારી સામસામે દોડવું તે (૨)
૨૨. ઠોઠ નિશાળિયાને... ઝાઝા (૪)

### ઊભી ચાવી

૧. જર્જરીત, જરીપુરાણું (૫)
૨. સીટી, ....માં ખરીદી કરાય (૩)
૩. 'નોર' શબ્દ ઊંધો (૨)
૪. ખરાબ અંજામ, બુરૂ પરિણામ (૩)
૫. વિમાનની દોટપટ્ટી (૩)
૮. બહાદુર માણસ (૪)
૧૦. એક પ્રકારનું લાકડું (૨)
૧૧. પ્રેમમાં મસ્ત, તલ્લીન (૪)
૧૨. મારું... છે રૂડું રે વૈકુંઠ નહિ રે આવું (૫)
૧૪. એક હિન્દી ફિલ્મ, જાદુગર (૪)
૧૭. મજા, આનંદ (૨)
૧૮. દેગડી, ઘડો (૩)
૨૦. પિતા, જનક (૨)

### શબ્દાવલી ૫૫૧૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગફલત (૪) દામન (૬) પરેડ (૭) દરાખ (૮) સબક (૯) મચ્છી (૧૦) બાતલ (૧૩) બારીક (૧૪) શમશેર (૧૫) વામન (૧૮) લામા (૧૯) દીદાર (૨૦) ખાણ (૨૧) નટ (૨૨) રમ

**ઊભી ચાવી :-** (૧) ગપસપ (૨) ફરેબ (૩) લડકણું (૪) દારા (૫) મખમલ (૭) દરબારી (૧૧) તકવાદી (૧૨) રમમાણ (૧૩) બારખાન (૧૪) શલાખા (૧૬) મદાર (૧૭) નરમ



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વિભાગ તેમજ અરવલ્લી જિલ્લા રમત ગમત કચેરી દ્વારા ભિલોડા મુકામે રાજય શાળાકીય રગ્બી ફૂટબોલ સ્પર્ધા યોજાઈ હતી જેમાં કુલ ૩૧ ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ગુજરાત રાજય રગ્બી ફૂટબોલ ભાઈઓની સ્પર્ધામાં ફાઈનલમાં સુરત ગ્રામ્યની ટીમને હરાવી ભિલોડાની એન.આર.એ. વિદ્યાલયની ટીમ ચેમ્પીયન બની હતી.

# વડાગામના આરોગ્ય કેન્દ્રમાં તબીબોની અનિયમિતતાથી દર્દીઓને હાલાકી

## બાર કલાક સુધી આરોગ્ય કેન્દ્રના તાળાં ના ખુલતા સરપંચ સહિત ગ્રામજનોએ જિલ્લા પંચાયતના સદસ્યને ઉગ્ર રજૂઆત કરી

વડાગામ, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના વડાગામ ખાતે આવેલ આરોગ્ય કેન્દ્રના તબીબોની અનિયમિતતાના કારણે દર્દીઓને હાલાકી ભોગવવી પડી રહી છે. ના છુટકે ખાનગી દવાખાનાનો સહારો લેવો પડી રહ્યો છે. દર્દીઓની આ પરેશાનીની જાણ થતા વડાગામના સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો પણ કોઈએ ફોન ઉપાડ્યો નહોતો. છેવટે સરપંચે ગ્રામજનો સહિત જિલ્લા પંચાયતના સદસ્યને મળી સત્વરે યોગ્ય કાર્યવાહી



શોભાના ગાંઠિયા સમાન બની ગયું છે. આ આરોગ્ય કેન્દ્રમાં અનેક રોગો માટેની અદ્યતન સારવારની સુવિધા હોવા છતાં તબીબો સમયસર ના આવવાના કારણે સરપંચ તાત્કાલિક મુખ્ય તબીબને ફોન કર્યો હતો તો તેમણે બહારગામ હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ હિંમતનગર ખાતે આરોગ્ય વિભાગમાં આ બાબતે કરવા ઉગ્ર માંગ રજૂ કરી હગતી. આ આરોગ્ય કેન્દ્ર છેલ્લા બાર કલાક દરમિયાન તાળાબંધ રહેતા ગ્રામજનોએ આ પગલું ભરવું પડ્યું હતું.

# જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ.ને કેન્દ્ર સરકારે વિશિષ્ટ એવોર્ડ આપી સન્માન્યા

## ગ્રામીણ વિકાસ કાર્યો માટે મોબાઈલ ઈન્સ્પેકશન પધ્ધતિના સફળ અમલીકરણ માટે એવોર્ડ અપાયો : તેમની આ પધ્ધતિને ભારતનો પ્રતિષ્ઠિત સ્કોચ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે

તાજપુર કેમ્પ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા પંચાયતના ઉત્સાહી અને ટેકનોસેવી જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ.ને




તા. ૨૦મી સપ્ટેમ્બર શનિવારે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય શ્રમ મંત્રી નરેન્દ્રસિંહ તોમર અને મધ્યપ્રદેશના મંત્રી માયાસિંહની ઉપસ્થિતિમાં વિશિષ્ટ એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ રાષ્ટ્ર કક્ષાએ એવોર્ડ મેળવીને જિલ્લા તેમજ રાજયનું ગૌરવ વધાર્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ.એ જિલ્લામાં ગ્રામીણ વિકાસના કાર્યો માટે દેશભરમાં પ્રથમવાર મોબાઈલ ઈન્સ્પેકશન પધ્ધતિ દાખલ કરી હતી. આ પધ્ધતિ દ્વારા ગ્રામ વિકાસના કાર્યના અમલીકરણ અને મોનીટરીંગ માટે ખ્યાતનામ સ્કોચ પ્લેટીનમ એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. સમગ્ર જિલ્લામાં માત્ર આઠ માસના ટૂંકા ગાળામાં ૨૮૦૦૦ કરતા પણ વધુ કામોનું ઈન્સ્પેકસન કરવામાં આવે છે.

(કોદરસિંહ રાઠોડ, તાજપુર કેમ્પ)

# ભિલોડામાં શહીદની પ્રતિમાનું ઉદઘાટન અને શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાશે

ભિલોડા, તા. ૨૨

ગાંધીનગરના અક્ષરધામ મંદિરમાં આતંકવાદી હુમલામાં મૂળ ભિલોડાના રહેવાસી અર્જૂનસિંહ એલ. ગામેતી શહીદ થયા હતા. શહીદ અર્જુનસિંહની શ્રધ્ધાંજલિ માટે ભિલોડા ચોકડી, બસ સ્ટેન્ડની બાજુમાં શહીદની પ્રતિમાનું ઉદઘાટન અને શ્રધ્ધાંજલિ તા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૪ને બપોરે ૧૨ કલાકે ભિલોડા ચોકડી બસ સ્ટેન્ડની બાજુમાં યોજાશે. સર્વે દેશભકતોને આ શહીદને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પધારવા જણાવાયું છે.

# ૭ વર્ષની કેદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ સુનીલ પંડયાએ કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે સમાજમાં આવા ગુન્હા બનતા રહે છે જેને ધ્યાને લઈ આરોપીને સખતમાં સખત સજા કરવી જોઈએ. જજ આર.એ. ઘોઘારીએ ફરિયાદી, ડોકટરની જુબાની અને પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને બળાત્કારના ગુન્હામાં ૭ વર્ષની કેદની સજા તેમજ રૂ. ૭ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત ભોગ બનનારને રૂ. ૫૦ હજારનું વળતર ચુકવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

# નવરાત્રિ કાઉન્ટ-ડાઉન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આયોજનમાં પણ ગરબા રસિકો મન ભરીને નવરાત્રિને માણે છે. થગનાટ ગૃપ દ્વારા આ વર્ષે સૌથી ઊંચા ગગનચુંબી ભવ્ય પ્રવેશદ્વાર દ્વારા અનોખુ આકર્ષણ ઉભુ કરવામાં આવ્યું છે. તેમજ ગરબાની સાથે બાળનગરીનું પણ આયોજન કરીને વિશેષ આકર્ષણ ઉમેરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં બહારગામથી ગરબા જોવા માટે આવતા લોકો માટે વધુ એક વિકલ્પ પણ ઉભો થયો છે જે છે રાજ્ય સરકાર દ્વારા સેક્ટર-૨૧ ખાતે યોજવામાં આવેલ નવરાત્રિ મેળો. આ મેળામાં રાજ્ય સરકાર દ્વારા પણ વિવિધ આકર્ષણો રાખવામાં આવ્યા છે. આમ આ વર્ષે ગાંધીનગરના નવરાત્રિ પ્રેમીઓ માટે યાદગાર નવરાત્રિ બની રહે તેવો માહોલ ઉભો થવા પામ્યો છે.

# લાભાર્થીઓમાં સંકોચ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગરીબોના કલ્યાણ અર્થે રાજય સરકાર અનેક યોજનાઓ અમલમાં મુકી રહી છે. વધુમાં વહીવટી પારદર્શીતા માટે ગતીશીલ ગુજરાતના ૧૦૦ દિવસ નક્કી કરી કામમાં ઝડપ લાવવાનો પ્રમાણિક પ્રયાસ પણ કર્યો છે. લાભાર્થીઓને હાથો હાથ સહાય મળી રહે તેવા શુભ હેતુથી ગરીબ કલ્યાણ મેળા તાલુકા કક્ષાએ યોજી વિવિધ સહાયની ચુકવણી થઈ રહી છે જેને સૌ કોઈએ દિલથી આવકારી સરકારના આ પ્રયાસને વખાણ્યો છે.

પરંતુ અપાતી આ સહાયમાં સરકારે સાયકલનો કંપની કલર બદલીને કેશરી રંગ કરી લાભાર્થીને સહાય તરીકે અપાય છે. આ કેસરી રંગ એ ગરીબાઈનીઓળખ બની ગયો છે કારણ કે સરકાર ગરીબોને જ સહાય ચુકવે છે જેથી આ લાભાર્થીઓ સાયકલ લઈને જે જાહેર સ્થળોએ કે સામાજીક મેળાવડા કે કુટુંબી મેળાવડામાં જાય ત્યારે સૌ કોઈ તેને ગરીબ તરીકે ઓળખી લેતા હોવાની ફરિયાદ છે. ધાર્મિક પ્રસંગ કે શુભ પ્રસંગોએ પણ આજ સ્થિતિ પેદા થઈ રહી છે. આમ ભેદભાવની લાગણી ઉભી થતી જોવા મળી રહી છે. વધુમાં લાભાર્થીના બાળકો અભ્યાસ કરવા શાળાએ જાય ત્યાં પણ અન્ય વિદ્યાર્થીઓની નજરે ગરીબ વિદ્યાર્થી હોવાનું સ્પષ્ટ થાય છે. જેથી સામાજીક રીતે લાભાર્થી આ સાયકલથી ગરીબ હોવાની છાપ ઉભી કરે છે અને સમાજમાં ગરીબ-અમીર અને મધ્યમ વર્ગ જેવા અલગ વર્ગની ઓળખમાં ગરીબની પરિસ્થિતિ વિકટ બની જાય છે. જેથી આ સાયકલ કંપની કલરમાં જ સહાય તરીકે અપાય તેવી લોક લાગણી ઉભી થવા પામી છે.

## કંપની સમાચાર

# બેંક ઓફ ઈન્ડિયા દ્વારા હિન્દી દિવસને અનુલક્ષી વિવિધ સ્પર્ધાઓનું આયોજન

હિન્દી દિવસને અનુલક્ષીને બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ઝોન દ્વારા તા. ૧૨-૯-૨૦૧૪ ના રોજ વાદ-વિવાદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે સ્થાનિક સ્કૂલના વિદ્યાર્થીઓએ હોંશથી ઉત્સાહપૂર્વક ભાગ લીધો. બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ઝોનના ઝોનલ મેનેજર શ્રી રાજીવ પાઠકે જણાવ્યું હતું કે સ્પર્ધાનું આયોજન એ હિન્દી ભાષાને વધુ મહત્વ આપી એક સશક્ત રાષ્ટ્રભાષા માટે પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

હિન્દી કાર્યક્રમનું આયોજન રાજભાષા અધિકારી શ્રી એચ.ડી. મંસુરીએ કર્યું હતું. હાલ ફેસ્ટીવલ ઓફરમાં બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વિવિધ પ્રકારની લોન ખુબજ સસ્તા વ્યાજ દરે મુકી રહી છે. જેમકે, હોમ લોન ૧૦.૨૦ ટકા દરે, પ્રોપર્ટીની સામે લોન ૧૧.૭૦ ટકા દરે, ઓટો લોન ૧૦.૪૦ ટકા દરે ઉપલબ્ધ છે.

# પરિણિત પ્રેમી સાથે ભાગી જનાર યુવતિના પરિવારજનોએ યુવકના ભાઈનું અપહરણ કર્યું

## ચારેક મહિના પહેલા ભાગી ગયેલ પ્રેમી યુગલ પરત આવ્યું હોવાની શંકાના આધારે યુવકના ભાઈનું અપહરણ કરી માર મારી વહેલી પરોઢે ડીસા ખાતે છોડી યુવતિના પરિવારજનો ફરાર

પાલનપુર, તા. ૨૨

પાલનપુરના જુના લક્ષ્મીપુરા વિસ્તારમાંથી એક પ્રેમિકા ચારેક માસ અગાઉ તેના પ્રેમી સાથે ભાગી ગયેલ હતી. આ પ્રેમી પ્રેમિકા પરત આવ્યાની માહિતીના આધારે યુવતિના પરિવારજનો એ યુવકના પરિવારજનોને આ યુગલને પકડી પાડવા સાથે આવવા કહ્યું જેનો ઈન્કાર કરીને યુવકના પરિવારજનોએ પોલિસ ફરિયાદ કરી હતી. આ ફરિયાદ નોંધાવીને પરત ફરી રહેલા યુવકના પરિવારજનો પર યુવતિના પરિવારજનોએ હુમલો કરી યુવકના ભાઈનું અપહરણ કરી લઈ ગયા હતા અને તેને ઢોર માર મારી વહેલી પરોઢે ડીસા ખાતે છોડી ફરાર થઈ જતા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પ્રેમીના ભાઈને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પ્રેમી પંખીડાઓ માટે લાલબત્તી સમાન આ ઘટનામાં પાલનપુરના માન સરોવર રોડ પરના હરિપુરા વિસ્તારનો એક રીક્ષા ચાલક યુવાન જે શંકર સલાટ જે અખબારી અને ઈલેકટ્રોનીક માધ્યમો સાથે પણ સંકળાયેલો હતો તેને જીજ્ઞાસા પટેલ નામની જુના લક્ષ્મીપુરામાં રહેતી અને લોકલ ટીવી ન્યુઝ ચેનલમાં ન્યુઝ રીડર તરીકે કામ કરતી યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. આ પરિણિત યુવાનના પ્રેમની મોહજાળમાં ફસાયેલી યુવતિ તેની સાથે ચારેક માસ અગાઉ ભાગી ગઈ હતી અને આ યુગલ પરત આવીને હાલમાં પાલનપુર આબુ હાઈવે પરની હોટલમાં રોકાયા હોવાની માહિતી યુવતિના પરિવારજનો ને મળતા તેઓ શંકર સલાટના પરિવારજનોને જઈને યુગલને પકડી લાવવા સાથે આવવા જણાવ્યું હતું. પરંતુ આ પરિવારજનોએ સાથે આવવાની ના પાડી પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા ધસી ગયા હતાં. તેઓ જયારે પોલીસ ફરિયાદ કરી પરત ફરી રહ્યા હતા ત્યારે સફેદ રંગની સ્કોર્પીયો કાર નં. જીજે-૮-એફ-૨૭૭૧માં બેસી યુવતિના પિતા બાબુ લાલજી પટેલ અને અન્યોએ તેને રોકી શંકરના ભાઈનું અપહરણ કરી નાસી છુટયા હતા ત્યારબાદ તેને માર મારી વહેલી પરોઢે ડીસા ખાતે છોડી દીધો હતો. આ ઘટનાની ફરિયાદ અપહૃત રામભાઈ સલાટ અને માયાબેન સલાટે પાલનપુર પૂર્વ શહેર પોલીસ સ્ટેશને કરતા પી.આઈ. એમ.બી. વ્યાસે તપાસ હાથ ધરી હતી.

# મોડેલ ડીસ્ટ્રીક્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમલી બનાવશે. આ માટે જિલ્લાઓની વિવિધ સુવિધાઓનું મેપીંગ તેમજ ખુટતી કડીઓ કઈ છે અને કેવી રીતે આગળ વધી શકાય. જિલ્લાનો સંતુલિત સમુચ્ચય વિકાસ કેવી રીતે થઈ શકે તે બધી જ બાબતો પર સઘન ચર્ચાઓ થશે. આયોજન અધિકારીઓ, જિલ્લાના વિકાસ અધિકારીઓ સહિત લાઈન ડિપાર્ટમેન્ટ્સના પ્રતિનિધિઓ પણ આમાં હાજરી આપી રહ્યા છે. આ પાયલોટ પ્રોજેક્ટમાં વિકાસની વ્યાખ્યામાં આવતા તમામ વિષયોને આવરી લેવામાં આવનાર છે.

રાજ્યના પંચાયત વિભાગે આ વર્કશોપને લઈ તડામાર તૈયારીઓ શરૂ કરી છે. આખા દેશમાંથી ૬૦૦ થી વધુ પ્રતિનિધિઓ આમાં ભાગ લઈ રહ્યા છે. અને તેઓ આ પસંદગીના જિલ્લાઓના વિકાસની રૂપરેખા તૈયાર કરશે

વધતા જતા શહેરીકરણની સમસ્યાને નાથવા માટે ગુજરાત સરકારે અપનાવેલ રૂર્બન પ્રોજેક્ટ્સને લઈ આમાં ખાસ પ્રેઝન્ટેશન કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ગ્રામ્ય વિકાસ માટે અપનાવેલ વિવિધ પ્રોજેક્ટ્સ ગોકુલગ્રામ, જ્યોતિગ્રામ, તીર્થગ્રામ, પાવનગામને લઈ પણ પ્રેઝન્ટેશન રજુ કરાય તેવી શક્યતાઓ છે.

ગાંધીનગરમાં પંચાયત વિભાગ દ્વારા પ્રથમવાર વિકાસને લઈ રાષ્ટ્રીય સેમિનાર વર્કશોપ ભારત સરકાર સાથે મળી યોજાઈ રહ્યો છે. આ વર્કશોપમાં રજુ થનાર વિવિધ બાબતોને લઈ તંત્રમાં પણ ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.